# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### ગુજરાતના વૈજ્ઞાનિકોની મોટી સિદ્ધિ | 'હર્બલ સીડ કોટિંગ ટેકનોલોજી' ને ભારત સરકારની પેટન્ટ મળી

# અનાજ સંગ્રહમાં ક્રાંતિ: જંતુનાશકો વગર અનાજ સુરક્ષિત રહેશે

**આણંદની ICAR-DMAPR સંસ્થાએ 'હર્બલ કવચ' વિકસાવ્યું**

**લીમડો, તજ અને લવિંગનું આવરણ અનાજને જીવાતથી બચાવશે**

(પ્રતિનિધિ) આણંદ તા.20

દેશમાં દર વર્ષે સંગ્રહિત અનાજ અને કઠોળમાં પડતી જીવાતોને કારણે ટનબંધ જથ્થો વેડફાય છે. આ સમસ્યાના કાયમી અને પર્યાવરણને અનુકૂળ ઉકેલ તરીકે આણંદ સ્થિત ભાકૃઅનુપ-ઔષધીય અને સુગંધિત છોડ સંશોધન નિર્દેશાલય (ICAR-DMAPR) એ એક વિશેષ 'હર્બલ સીડ કોટિંગ' ટેકનોલોજી વિકસાવી છે. આ અદભૂત શોધને ભારત સરકાર દ્વારા પેટન્ટ મંજૂર કરવામાં આવી છે, જે કૃષિ ક્ષેત્રે ગુજરાતની એક મોટી સિદ્ધિ માનવામાં આવે છે.

આ ટેકનોલોજીમાં ફૂડ-ગ્રેડ પોલિમર અને બાયોપોલિમરનો ઉપયોગ કરીને બીજ પર એક



સુરક્ષિત પડ ચડાવવામાં આવે છે. આ પડમાં કુદરતી ઔષધીય છોડ જેવા કે લેમનગ્રાસ, પામરોસા, તજ, લીમડો અને લવિંગમાંથી કાઢવામાં આવેલા આવશ્યક તેલનું મિશ્રણ કરવામાં આવ્યું છે. આ મિશ્રણ અનાજ માટે સુરક્ષા કવચ તરીકે કામ કરે છે.

વર્તમાન સમયમાં ખેડૂતો અને વેપારીઓ અનાજને બચાવવા માટે કૃત્રિમ અને હાનિકારક જંતુનાશકોનો ઉપયોગ કરે છે, જે સ્વાસ્થ્ય માટે જોખમી છે. આથી, ભાકૃઅનુપ-ઔષધીય અને સુગંધિત છોડ સંશોધન નિર્દેશાલય દ્વારા વિકસિત આ હર્બલ ફોર્મ્યુલેશન કૃત્રિમ જંતુનાશકો પરની નિર્ભરતા ઘટાડશે. સૌથી મહત્વની વાત એ છે કે, આ કોટિંગથી બીજની અંકુરણ ક્ષમતા કે તેની ગુણવત્તા પર કોઈ જ ખરાબ અસર પડતી નથી. આ અંગે સંસ્થાના ડો. મનીષ દાસે જણાવ્યું હતું કે, આ સિદ્ધિ ટકાઉ કૃષિ અને લણણી પછીના વ્યવસ્થાપન માટે અમારી સતત પ્રતિબદ્ધતાનું પરિણામ છે. આ ટેકનોલોજીના કારણે ખેડૂતોના અનાજની સંગ્રહક્ષમતા વધશે અને પર્યાવરણને પણ ફાયદો થશે. આ પેટન્ટનું શીર્ષક જૈવસક્રિય વનસ્પતિ આધારિત બીજ આવરણ સંયોજન અને તેની તૈયારી કરવાની પદ્ધતિ રાખવામાં આવ્યું છે.

### ટેકનોલોજીના મુખ્ય ફાયદાઓ

- **સુરક્ષા:** લીમડો, તજ અને લવિંગ જેવા કુદરતી તેલનો ઉપયોગ.
- **સ્વાસ્થ્યપ્રદ:** ઝેરી કેમિકલ યુક્ત જંતુનાશકોથી મુક્તિ.
- **ગુણવત્તા:** બીજની શક્તિ અને ઉગવાની ક્ષમતા જળવાઈ રહે છે.
- **અસરકારક:** ઘઉં, દાળ અને અન્ય અનાજને પલ્સ બીટલ જેવી જીવાતોથી બચાવે છે.

### પલ્સ બીટલ સામે રામબાણ ઈલાજ



આ સંશોધનમાં જાણવા મળ્યું છે કે, આ હર્બલ સંયોજન સંગ્રહિત અનાજ અને દાળમાં સૌથી વધુ નુકસાન કરતી જીવાત 'પલ્સ બીટલ' સામે અત્યંત અસરકારક સાબિત થયું છે. આ ટેકનોલોજી વિકસાવવામાં સંસ્થાના પૂર્વ ડિરેક્ટર ડો.જીતેન્દ્ર કુમાર અને મુખ્ય ટેકનિકલ અધિકારી ડો. અશ્વિન ત્રિવેદીએ મહત્વની ભૂમિકા ભજવી છે.

---

### ચરોતરમાં કાળઝાળ ગરમીમાં પાક અને પશુધનને બચાવવા કૃષિ વૈજ્ઞાનિકોની ભલામણ

# આણંદમાં ગરમીનો પારો 43 ડિગ્રીએ પહોંચશે

**આગામી પાંચ દિવસ આકાશ ચોખ્ખું અને હવામાન ગરમ રહેશે**

(પ્રતિનિધિ) આણંદ તા.20

ભારત મૌસમ વિભાગ અને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવેલી સંયુક્ત યાદી મુજબ, આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમિયાન કાળઝાળ ગરમી પડવાની સંભાવના છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, ૨૦ થી ૨૪ મે દરમિયાન મહત્તમ તાપમાન ૪૨ થી ૪૩ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૬ થી ૨૭ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેશે. આ ગરમ હવામાન અને ઊંચા તાપમાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને ખેડૂતોને તેમના પાક



અને પશુધનની જાળવણી માટે સાવચેત રહેવા જણાવાયું છે.

ચરોતરમાં હાલ ઊંચા તાપમાનમાં જમીનમાં ભેજ જાળવી રાખવો અનિવાર્ય હોવાનું કૃષિ વૈજ્ઞાનિકે જણાવ્યું છે. આ અંગે ખેડૂતોને સલાહ આપવામાં આવી છે કે તેઓ ઉભા પાકમાં જમીનનો ભેજ તપાસીને સવાર અથવા સાંજ ગાળાના સમયે હળવું પિયત આપવું. આ ઉપરાંત, જમીનમાંથી બાષ્પીભવન ઘટાડવા માટે પાકના અવશેષો, સૂકું ઘાસ કે પ્લાસ્ટિક મલ્ચનો ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. બાગાયતી પાકો અને શાકભાજીમાં ઝડપી પવનથી રક્ષણ મેળવવા માટે છોડને લાકડા કે વાંસનો ટેકો આપવો જરૂરી છે.

### કેળ અને શાકભાજીના પાકો માટે ખાસ સૂચના

કેળના પાકમાં લૂમની વિકાસ અવસ્થાએ છોડને ટેકો આપવો અને લૂમ પર સૂકા પાંદડા વીંટાળવા જેથી ગરમીથી રક્ષણ મળે. મરચી અને ટામેટી જેવા પાકોમાં કોકડવા રોગ અને સફેદ માખીના નિયંત્રણ માટે યોગ્ય કીટનાશકનો છંટકાવ ખુલ્લા હવામાનમાં કરવો. ભીંડાના પાકમાં ૮-૧૦ દિવસના અંતરે પિયત આપવું અને ચુસિયા જીવાત માટે લીમડા આધારિત દવાઓનો ઉપયોગ કરવો હિતાવહ છે.

### પશુધનને લૂ થી બચાવવા અર્ધો ફૂટ ઘાસનો થર કરો

પશુઓને ગરમીની સીધેસીધી અસરથી બચાવવા માટે તેમના રહેઠાણના છાપરા જો પતરાના હોય તો તેના પર સફેદ રંગ અથવા અર્ધો ફૂટ સૂકા ઘાસ કે પરાળનો થર કરવો. પશુઓને દિવસ દરમિયાન પૂરતો લીલોચારો આપવો અને સૂકો ચારો ઠંડા પહોરે આપવો. દૂધાળા પશુઓ, ખાસ કરીને ભેંસો અને શંકર ગાયોને દિવસમાં બે થી ત્રણ વખત નવડાવવાથી ગરમી સામે રક્ષણ મળશે અને દૂધ ઉત્પાદન જળવાઈ રહેશે.

ખેડૂતોએ પરિપક્વ પાકો જેવા કે ઉનાળુ ડાંગર અને બાજરીની કાપણી ખુલ્લા હવામાનમાં પૂર્ણ કરી લેવી. જ્યારે શાકભાજી અને ફળ પાકોની લણણી માત્ર સવાર અથવા સાંજના ઠંડા સમયે જ કરવા કૃષિ વિજ્ઞાનિકોએ ભલામણ કરી છે.

---

### બાકરોલની જળધરોનું 'ગળું ઘોંટતી' મહાનગરપાલિકા

# સુજલામ સુફલામમાં ઊંડું કરેલું તળાવ હવે પૂરી દેવાનો કારસો!

**રમતગમતનું મેદાન બનાવવાના નામે જળસંગ્રહના સ્ત્રોતનો વિનાશ કરાતા ભારે રોષ**

(પ્રતિનિધિ) આણંદ તા.20

કરમસદ-આણંદ મનપાના સત્તાધીશો દ્વારા પર્યાવરણ અને જળસંચયના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું હોવાનો ગંભીર મામલો પ્રકાશમાં આવ્યો છે. બાકરોલ-વડતાલ રોડ પર આવેલા સર્વે નંબર 963ના જે તળાવને અગાઉ 'સુજલામ સુફલામ' યોજના હેઠળ જનહિતમાં ઊંડું કરવામાં આવ્યું હતું, તેને જ હવે પાલિકા તંત્ર દ્વારા ગેરકાયદેસર રીતે પુરાણ કરી ખતમ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ આઘાતજનક નિર્ણય સામે સ્થાનિક કોર્પોરેટર અલ્પેશ એફ. પઢિયારે મ્યુનિસિપલ કિમશનરને જલદ પત્ર લખી તાત્કાલિક કામગીરી બંધ કરવાની માંગ કરી છે.

કરમસદ - આણંદ મનપા દ્વારા આ તળાવવાળી જમીન પર રમતગમતનું મેદાન અથવા બગીચો બનાવવાનું આયોજન હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જોકે, પર્યાવરણવિદો અને જાગૃત નાગરિકોના મતે, કુદરતી જળસ્ત્રોતને પૂરીને તેના પર બાંધકામ કરવું એ પર્યાવરણના હિત વિરુદ્ધ છે. વરસાદી



### કાયદાનું સરેઆમ ઉલ્લંઘન !

ગુજરાત સરકારના પ્રવર્તમાન નિયમો અને હાઈકોર્ટના વિવિધ સીમાચિહ્નરૂપ આદેશો મુજબ, કોઈપણ જાહેર જળાશયનું પુરાણ કરી તેના મૂળ સ્વરૂપમાં ફેરફાર કરવો એ સંપૂર્ણપણે ગેરવાજબી અને ગેરકાયદેસર છે. બાકરોલની આ તળાવડી પર થઈ રહેલું પુરાણ સીધી રીતે અદાલતના આદેશોની અવમાનના સમાન છે.

### મુખ્ય પ્રશ્નો જે તંત્રને ભીંસમાં લેશે

- જે તળાવને સરકારી ખર્ચે ઊંડું કરાયું, તેને પૂરવાનો ખર્ચ કોના ખિસ્સામાંથી?
- શું રમતગમતના મેદાન માટે પાલિકા પાસે અન્ય કોઈ જમીન ઉપલબ્ધ નથી?
- હાઈકોર્ટના આદેશોનું ઉલ્લંઘન કરનાર અધિકારીઓ સામે પગલાં ક્યારે લેવાશે?

પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળના સ્તર જાળવવા માટે જે તળાવ આશીર્વાદ સમાન હતું, તેને જ જમીનદોસ્ત કરવાનો નિર્ણય પાલિકાની અણઘડ નીતિ છતી કરે છે.

બાકરોલના આ જળચર અને ઈકોસિસ્ટમને બચાવવા માટે હવે સ્થાનિકોમાં પણ ઉગ્ર આંદોલનના સૂર ઉઠી રહ્યા છે. જો તંત્ર દ્વારા આ કામગીરી ત્વરિત બંધ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આ વિવાદ વધુ વકરે તેવી પૂરેપૂરી શક્યતા છે. આણંદ પાલિકાના પૂર્વ સત્તાધિશોએ માટી ખનન બાબતે કૌભાંડ આચર્યું હોવાની પણ શંકા ઉઠી છે.

### જનહિત કે સત્તાનો દુરુપયોગ?

આ અંગે કોર્પોરેટર અલ્પેશ પઢિયારે પત્રમાં સ્પષ્ટ આક્ષેપ કર્યો છે કે, તળાવડી પૂરી દેવાની આ કામગીરી જનહિત વિરુદ્ધની છે. વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા યથાવત રાખવી જરૂરી છે, અન્યથા ભવિષ્યમાં આ વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ શકે છે. આ મામલે જવાબદાર અધિકારીઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી સાથે કલેક્ટર અને ધારાસભ્ય અમિતભાઈ ચાવડાને પણ રવાના કરવામાં આવી છે.

---

### ચરોતરમાં મેડિકલ સ્ટોર્સની સજ્જડ હડતાળ પાડવામાં આવી







આણંદ, ખેડા અને મહિસાગર જિલ્લાના મેડિકલ સ્ટોર્સ દ્વારા બુધવારના રોજ સજ્જડ હડતાળ પાડવામાં આવી હતી. ઓનલાઈન દવાઓના વેચાણ અને ફાર્મસી નીતિના વિરોધમાં મેડિકલ સ્ટોર સંચાલકોએ દેશવ્યાપી હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે, જેની વ્યાપક અસર આણંદ, નડિયાદ અને લુણાવાડા શહેર સહિત જિલ્લાભરમાં જોવા મળી હતી. ઓનલાઈન વેચાણને કારણે નાના વેપારીઓના રોજગાર પર પડતી માઠી અસર અને અન્ય પડતર પ્રશ્નોના ઉકેલ માટે આ વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. નડિયાદ શહેરમાં મુખ્ય બજારો અને હોસ્પિટલોની આસપાસના ૪૦ ટકા જેટલા સ્ટોર્સ બંધ રહેતા સવારના સમયે દર્દીઓના સગા-સંબંધીઓને સામાન્ય હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે, મેડિકલ એસોસિએશન દ્વારા માનવતાના ધોરણે ઈમરજન્સી સેવાઓ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

---

# આણંદ જનરલ હોસ્પિટલમાં ઓર્થોપેડિક ડોક્ટર નિમાયાં

**દર અઠવાડિયે ત્રણ દિવસ નિષ્ણાત સર્જન ડો. અભિષેક પ્રજાપતિ સેવા આપશે**

(પ્રતિનિધિ) આણંદ તા.20

આણંદ જનરલ હોસ્પિટલ ખાતે આવતા દર્દીઓની સુવિધામાં વધારો કરતા હવેથી ઓર્થોપેડિક (હાડકાના રોગો) ની સારવાર અને ઓપરેશનની સેવાઓ શરૂ કરવામાં આવી છે. સિવિલ સર્જન ડોક્ટર અમર પંડ્યાના માર્ગદર્શન હેઠળ દર્દીઓને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પેટલાદ સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડિક સર્જન ડોક્ટર અભિષેક પ્રજાપતિ હવેથી આણંદ જનરલ હોસ્પિટલ ખાતે અઠવાડિયામાં ત્રણ દિવસ પોતાની સેવાઓ આપશે. આ સેવામાં બુધવાર અને શનિવારના રોજ ઓપીડીના દર્દીઓની તપાસ કરવામાં આવશે. જ્યારે ગુરુવારના રોજ હાડકાના રોગો સંબંધિત ઓપરેશન કરવામાં આવશે. આણંદ જનરલ હોસ્પિટલ ખાતે મળનારી આ તમામ ઓર્થોપેડિક સેવાઓ દર્દીઓને તદ્દન વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. હોસ્પિટલ સત્તાધીશો દ્વારા જરૂરિયાતમંદ લોકોને આ નિષ્ણાત સેવાનો લાભ લેવા માટે ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, આણંદ જનરલ હોસ્પિટલના ઓર્થોપેડિક સર્જન ડો. ચિંતન શાહે હોસ્પિટલમાં મફત ઓપરેશન થતું હોવા છતાં રૂ.3 હજારની લાંચ લેતા રંગેહાથ પકડાયાં હતાં.

---

# જાહેર હિસાબ સમિતિના ચેરમેન પદે MLA પંકજ દેસાઈની વરણી

**વિધાનસભાની મહત્વની સમિતિમાં નિમણૂંક કરાઇ**

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી દ્વારા વિધાનસભાની વિવિધ સમિતિઓની રચના અંતર્ગત નડિયાદના ધારાસભ્ય અને રાજ્ય સરકારના પૂર્વ મુખ્ય દંડક પંકજ દેસાઈને જાહેર હિસાબ સમિતિ (PAC) ના ચેરમેન તરીકેની મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. આ સત્તાવાર જાહેરાતને પગલે નડિયાદ સહિત સમગ્ર રાજ્યમાં ગૌરવની લાગણી જોવા મળી રહી છે.

સંસદીય પ્રણાલીમાં સરકારના નાણાકીય વહીવટ અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે જાહેર હિસાબ સમિતિ અત્યંત મહત્વની ભૂમિકા ભજવે છે. પંકજ દેસાઈના બહોળા રાજકીય અનુભવ અને સંસદીય જ્ઞાનને ધ્યાનમાં રાખીને તેમને આ સમિતિનું સુકાન સોંપવામાં આવ્યું છે. અગાઉ તેઓ રાજ્ય સરકારમાં મુખ્ય દંડક તરીકેની કઠિન જવાબદારી પણ સફળતાપૂર્વક નિભાવી ચૂક્યા છે. તેમની વહીવટી કુશળતા અને મજબૂત નેતૃત્વનો સીધો લાભ હવે આ સમિતિની કામગીરીમાં જોવા મળશે તેવી અપેક્ષા છે. પંકજ દેસાઈની આ ઉચ્ચ સ્તરીય નિમણૂકથી નડિયાદ પંથકના સ્થાનિકો અને સમર્થકોમાં હર્ષની લાગણી ફેલાઈ છે. તેઓ નવી જવાબદારીમાં પણ પ્રજાના હિતમાં પારદર્શક વહીવટના માધ્યમથી સફળતાના નવા શિખરો સર કરશે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

---

### ઉમરેઠમાં પોલીસની 'કુંભકર્ણ નિંદ્રા' વચ્ચે આણંદ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપનો સપાટો

# ઉમરેઠના ધુળેટા ગામમાં ૩૨.૮૯ લાખના ગાંજા સાથે ખેડૂત પકડાયો

**સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે ૬૫.૭૮ કિલો જથ્થો જપ્ત કર્યો**

(પ્રતિનિધિ) ઉમરેઠ તા.20

ઉમરેઠ તાલુકાના ધુળેટા પાસે આવેલા સ્વામીપુરામાં સ્થાનિક પોલીસના નાક નીચે લાંબા સમયથી ચાલી રહેલું ગાંજાની ખેતી અને વેચાણનું મસમોટું નેટવર્ક આણંદ એસઓજી પોલીસે પકડી પાડ્યું છે. જ્યારે સ્થાનિક ઉમરેઠ પોલીસ ઘોર નિંદ્રામાં હોય તેમ જણાઈ રહ્યું હતું.

આણંદ એસ.ઓ.જી. શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર બી.એમ. માળી અને તેમની ટીમે ચોક્કસ



બાતમીના આધારે સ્વામીપુરા સીમમાં ભગાભાઈ સોમાભાઈ ઠાકોરના કબજા હેઠળના ખેતર અને રહેણાંક મકાનમાં તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન ખેતરમાંથી વગર પાસ પરમીટે વાવેતર કરેલા ગાંજાના ૯૦ છોડ (વજન ૪૯.૬૦૦ કિગ્રા) મળી આવ્યા હતા, જેની કિંમત ૨૪.૮૦ લાખ થાય છે. આ ઉપરાંત, સુકવવા માટે રાખેલી ૬૪ નંગ ડાળખીઓ અને પ્લાસ્ટિકની થેલીમાં રાખેલો લીલો-સૂકો ગાંજો મળી કુલ ૬૫.૭૮૦ કિલોગ્રામ માદક પદાર્થ જપ્ત કરવામાં આવ્યો હતાં.

આ કેસમાં સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, જે ગેરકાયદેસર પ્રવૃત્તિ આણંદ એસઓજીની નજરે ચડી ગઈ, તેની ગંધ સ્થાનિક ઉમરેઠ પોલીસને કેમ ન આવી? ખેતરમાં આટલી મોટી માત્રામાં ગાંજાના છોડ લહેરાતા હતા અને તેની કાપણી પણ થઈ રહી હતી, છતાં સ્થાનિક પોલીસ અજાણ રહી તે તેની 'કુંભકર્ણ નિંદ્રા' સમાન નિષ્ક્રિયતા દર્શાવે છે. શું પોલીસ ખરેખર અજાણ હતી કે પછી જાણી જોઈને આ ગેરકાયદેસર ધંધા સામે આંખ આડા કાન કરવામાં આવતા હતા, તે હવે ચર્ચાનો વિષય બન્યો છે. આ મામલે આરોપી ભગાભાઈ ઠાકોર વિરુદ્ધ ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

---

# મહુધા કોલેજમાં હેડ ક્લાર્ક ભરતીમાં વિવાદ

**ઓએમઆર શીટ વિના જ પરિણામ જાહેર થતા ભ્રષ્ટાચારના આક્ષેપ**

(પ્રતિનિધિ) નડિયાદ તા.20

મહુધા કોલેજમાં લેવાયેલી હેડ ક્લાર્કની ભરતી પ્રક્રિયામાં ગંભીર ગેરરીતિના આક્ષેપો સાથે વિવાદનો મધપૂડો છંછેડાયો છે.

મહુધા કોલેજમાં હેડ ક્લાર્કની ભરતી પ્રક્રિયા શરૂઆતથી જ વિવાદોથી ઘેરાયેલી રહી છે. પરીક્ષાની જાહેરાત આપ્યાના પાંચ મહિના બાદ માત્ર ૨૦ જેટલા ઉમેદવારોને બોલાવવામાં આવ્યા હતા, જે સમયે પ્રશ્નપત્ર સીલબંધ કવરમાં ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. સામાન્ય રીતે સરકારી ભરતીના નિયમ મુજબ પરીક્ષા બાદ ઉમેદવારોને તેમની OMR શીટની નકલ અને પ્રોવિઝનલ આન્સર કી આપવાની હોય છે, પરંતુ આ કિસ્સામાં સીધું પરિણામ જાહેર કરી દેવાતા ઉમેદવારો આશંકા વ્યક્ત કરી રહ્યા છે કે આ પાછળ કોઈ મોટી ગેરરીતિ છુપાવવાનો ઈરાદો હોઈ શકે છે.

વધુમાં, પરીક્ષા ફોર્મ ભરતી વખતે લેવામાં આવેલી વધારાની ફી પણ હજુ સુધી ઉમેદવારોને પરત મળી નથી, જેના કારણે બેરોજગાર યુવાનોમાં તંત્ર સામે ભારે આક્રોશ વ્યાપી ગયો છે. ઉમેદવારો અને સ્થાનિક આગેવાનોએ માંગ કરી છે કે આ સમગ્ર કાંડની ઉચ્ચસ્તરીય તટસ્થ તપાસ કરવામાં આવે અને જવાબદાર કસૂરવારો સામે સખત કાર્યવાહી થાય. જો ન્યાય નહીં મળે, તો કોર્ટના દ્વાર ખખડાવવાની ચીમકી ઉચ્ચારી હતી.